





સાથીઓ સાથે સંબંધો તોડી નદીઓ જોડી દેશે!
દોડી જશે કેન્દ્રમાં ને મધ દરિયે છોડી જશે,
કોડી દઇ દેશે પ્રજાને, મતની કલ્લી કાઢી ને -
વાવેલાં વચન અને રંગીન ચિત્રો રોળી જશે!




પડે તમાચા!
આપણી પોલીસને -
હાઇકોર્ટના..
(સીબીઆઇ ને તપાસો)

વિદા પછી યે
વરસે આગાહીઓ -
આશાઓ ભીની..
(ગાજવીજ સાથે આવશે)

## ચિંતન

**યથા કાષ્ઠ મયો હસ્તી યથા ચર્મમયો મૃગઃ ।**
**યશ્ચ વિપ્રોડનધીયાન સ્ત્રયસ્તેનામ બ્રિભ્રતિ ॥**

'જેમ લાકડાનો હાથી અને ચામડાંની ખાલ વાળું મસાલાથી ભરેલું હરણ જીવંત નથી છતાં પણ એ હાથી અને હરણના નામે જ ઓળખાય છે તેમ વિપ્ર ભલે બ્રાહ્મણના શરીરમાં રહેલો આત્મા હોય પણ વેદોભ્યાસ, કર્મકાંડના અભ્યાસ વિનાનો તે માત્ર બ્રાહ્મણની ખાલમાં નામનો જ 'બ્રાહ્મણ' છે. ટૂંકમાં લાકડાંનો હાથી, ચામડાંનું હરણ, અને વિદ્યા વિનાનો બ્રાહ્મણ એ ત્રણે કેવળ નામના - કહેવાના જ છે.'

જે માણસમાં કોઇ કલા-સાહિત્ય કે લલિતકળાઓ નથી, જીવનનો કોઇ હેતુ-ધ્યેય ન હોય, જેનામાં સદ્‌ગુણો ન હોય, શીલ અને ચારિત્ર્ય ન હોય, એ શું માણસના શરીરમાં રહેલો છતાં માણસ કહેવાય? હાલતા-ચાલતા જડ-બુધ્ધિ વિનાના રોબોટથી વિશેષ એ જેમ કંઇ જ નથી, તેને સમાજમાં આદર-માન-સન્માન કંઇ જ મળતું નથી તેમ માણસ ના માત્ર સિવાય એ કંઇ જ નથી.

માનવીય સદ્‌ગુણ, માનવતા વિનાનો માણસ શરીરધારી પશુ માત્ર જ છે.

## સુવિચાર

- માનવતા અને સંસ્કારિતાનું મહાવિદ્યાલય માતાના ચરણોમાં છે **- ફ્રેડરિક હેસ્ટન**
- ખારા સમુદ્રના બેટ પર માતા એ મીઠી વીરડી છે, માનવીનું સ્વર્ગ મા ના ચરણોમાં જ છે **- પયગંબર સાહેબ**
- મારા આત્માના બારણા મારી માં એ જ મને ખોલી આપ્યાં છે **- ખલીલ જિબ્રાન**
- માતાનું હૃદય દયાનું નિવાસ સ્થાન છે, અને સંતાપશો તો દયાની સુવાસ આવશે, એને ઉદ્‌વેગ કરાવશો તો દયાનો રસ ઝરશે **- પ્રેમચંદજી**
- એક પલ્લામાં માને મૂકો અને બીજા પલ્લામાં સમગ્ર વિશ્વ, તો પણ 'મા' નું પલ્લું નીચું જ રહેશે **- લોર્ડ લ્લ**
- જગતમાં બે સદા માટે વંદનીય છે એક મા અને બીજી માતૃભૂમિ **- વિ.સ. ખાંડેકર**
- માના બે ચરણ છે - સમતા અને મમતા, માના બે હાથ છે - અભય અને આશીર્વાદ, માની બે આંખ છે - ક્ષમા અને કરૂણા **- શ્રી મુરારિદાસ હરિયાણી**

## બોધ કથા

આપણું જ્ઞાન વિપુલ હોય શાસ્ત્રોના અનેક થોથાં વાંચી કાઢ્યાં હોય, શ્લોકો-સૂત્રો મુખપાઠ હોય ધર્મના અનેક સિધ્ધાંત-આદર્શ-નિયમો આવડતા હોય પણ જો એ આચરણમાં ન ઉતરે તો એનો શું અર્થ?

કોન્ફ્યુશિયસનો એક શિષ્ય માસ્ટર કુંગ ભારે વિદ્વાન, જે કોઇ ધર્મ-શાસ્ત્રની વાત કરે કે તરત તેની સાથે શાસ્ત્રાર્થની શરત મુકે -

ત્યાં દક્ષિણ ચીનમાં કોઇ ઝેન ગુરૂએ પોતાના વિચાર પર નવો સંપ્રદાય શરૂ કર્યો. ઘણાં લોકો તેનાથી આકર્ષાયા. કુંગને કાને વાત આવી. એક ગાડામાં ગ્રંથો ભરી દિવસોની મુસાફરી કરે પેલા ઝેન ગુરૂ પાસે પહોંચ્યોને શાસ્ત્રાર્થની ચેલેંજ નાખી તેના નવા ધર્મની સિધ્ધાંત છોડી દેવા કહ્યું.

ઝેન કહે પહેલાં તમે તમારા સિધ્ધાંતો સભા સમક્ષ રજૂ કરો, કુંગ તો આખો દિવસ શાસ્ત્રો-સિધ્ધાંતો અને સંદર્ભ આપી ખૂબ બોલ્યો.

બીજે દિવસે ઝેન ગુરૂ કહે, મારા ધર્મના તો ત્રણ જ સિધ્ધાંત છે, 'કોઇનું બુરૂં ન કરો.', 'સૌનું ભલું કરો' અને 'ક્રોધ ન કરો - ક્ષમા આપો.'

લોકો એ ઝેન ગુરૂને તાળીઓથી વધાવ્યો.

કુંગ પગ પછાડતો-ક્રોધમાં-હોઠ ફફડાવતો-ખંડ છોડી ગયો.

# આ બસોનો વર્ષો જૂનો નિયમ છે એ કદી ડેપોની પાસે તો નહીં જ બગડે અને ચ-૦ થી વિસત વચ્ચે જ બગડવાની કુટેવ છે... સંબંધો બગડે તો બ્રેક-અપ અને બસ બગડે તો બ્રેક-ડાઉન!!

**કોફી હાઉસ**
**- ઉત્સવ પરમાર**

## ગાંધીનગર-અમદાવાદ-ગાંધીનગર : ધ અપ-ડાઉન સ્ટોરી

મુસાફરીનો આનંદ અનેરો હોય છે. પરંતુ ગાંધીનગર - અમદાવાદ - ગાંધીનગર વચ્ચેનાં અપ-ડાઉનનો મહિમા અપરંપાર છે માટે ટિકિટ વિના જ મુસાફરી કરતાં હે વત્સ! આ કથા સાંભળ!

ગાંધીનગર બહુ સરળ શહેર છે... સવારે નવ વાગ્યે બસ ડેપો પર, સ્ટેન્ડની ભીડમાં હોય ને રાતનાં નવ વાગ્યા સુધી તો ટીવી સામે ગોઠવાઇ ગયું હોય, એનું સ્વાસ્થ્ય બહુ સારૂં છે... આટલી ઉંમરે એની આંખે ચશ્મા નથી, બીપી નોર્મલ છે, ડાયાલીટીબની ખાસ તકલીફ નથી પણ આ વિધાસનભા એ સચિવાલય હોવાના કારણે કપાળ પર તાવ રહે છે. પણ ચાર દિવસ માથે ઠંડા પાણીનાં પોતા મૂકો એટલે તાવ પણ ઊતરી જાય... પરંતુ. ગાંધીનગરમાં રોગના લક્ષણો જોવા મળતા હોય તો એસ.ટી. ડેપોની ખોદકામમાં મળી આવેલી બસોમાં...!! લગભગ ડાયનાસોરોનાં જમાનાની આ બસોની વૃધ્ધ આંખો, ખરબચડી ઊતરી ગયેલી ચામડી એ સતત ટીબીના પેશન્ટની જેમ ખાંસ્યા કરતા એના ફેફસાં! ડેપો પર ઘણી બસો એમ પડી રહે જાણે તબેલાંની ગર્ભવતી ભેંસો ના હોય...!! જો સૌમ્ય જોશી માટે ભેંસ સ્થિત પ્રજ્ઞ તો મારા માટે ભેંસ જેવી બસો!!

વેલ, એમાં મુસાફરી કરવાનો પરમાનંદ રોજ કોલેજ કે નોકરી કે ધંધા કરતા બસ-ભક્તો કે રવિવાર કે રજાનાં દિવસે લાલ દરવાજાની ભીડમાં કે કાંકરીયા જાતાં બસ-આશ્રિતોને જ મળી શકે છે... હે બસ! આ તમામ એ તારા મુસાફર નથી પણ તારા શરણાર્થીઓ છે... એમનો સમય અને જીવન આપના સ્ટેરીંગમાં છે... પણ અગાઉ કહ્યું તેમ બસ સ્થિતપ્રજ્ઞ!!

મુસાફરોને ગમે તેટલું મોડું થતું હોય કે ક્યાંક સ્ટેન્ડ પર હંગામો મચી ગયો હોય પણ આ સ્થિત પ્રજ્ઞ બસ સમય ચુકી જવામાં અને મોડી પહોંચવામાં લગભગ નિયમિત રહી છે, જો તે સમયસર પહોંચી જાય તો તે અનિયમિત છે એમ ગણવું.

ભારત એક સ્પર્ધાત્મક દેશ છે, અહીં તમારા નર્સરીનાં એડમિશનથી માંડીને તમારા "બાબા ના બાબા"નાં એડમિશન સુધી સ્પર્ધા છે... બસનાં લંબચોરસ દરવાજામાંથી ચડવું એ પણ સ્પર્ધાનો વિષય છે... આ 'સીટ' નો કે 'ખુરશી' નો કે 'જગ્યા' નો લગભગ દરેકને પ્રાકૃતિક મોહ હોય એવું લાગે છે... લગભગ સાડા પાંચ મિનિટ પહેલાં સ્ટેન્ડ પર ઊભેલું આખું ટોળું ચમત્કારીક રીતે બસમાં ગોઠવાઇ જાય છે અને બસ જરા સરખી પણ ફરિયાદ વિના આગળ ચાલે છે... એ અત્યારે કંઇ જ નથી બોલતી... બધું જ સહન કરી લેશે... બસમાં બેસી ગયેલાં મુસાફરોને બસ પકડ્યાનો સ્વર્ગીય આનંદ આપતી રહેશે... જેમ ઓફિસમાં નવો આવેલો બોસ, સ્કૂલમાં નવો ટીચર, ઘરમાં નવી વહુ...!!

આ બસોનો વર્ષો જૂનો નિયમ છે એ કદી ડેપોની પાસે તો નહીં જ બગડે અને ચ-૦ થી વિસત વચ્ચે જ બગડવાની કુટેવ છે... સંબંધો બગડે તો બ્રેક-અપ અને બસ બગડે તો બ્રેક-ડાઉન!! કહ્યું હતું ને... બસ સ્થિતપ્રજ્ઞ!!

પણ બસ મજેદાર જગ્યા છે... લગભગ એમાં આવતાં કેટલાંક ચહેરાની નામ વગરની ઓળખાણ થઇ જ ગઇ હોય... આ બસો ઘણી વાર ચહેરાઓ જ લઇને આવતી હોય એમ લાગ્યા કરે! જાત - જાતનાં ચહેરા, ભાત ભાતનાં ચહેરા... ઉત્ક્રાંતિની શરૂઆતથી ઉત્ક્રાંતિના અંત સુધી ને વચ્ચે ક્યાંક પ્રક્રિયામાં અટકી ગેયલા ચહેરા... સેક્સલેસ, મૂડલેસ, ટેન્શનથી ફુલ્લી લોડેડ, બારીની સતત બહાર જોતાં, આંખો બંદ કરીને અંધારૂં જોતાં, આશ્ચર્ય વગરનાં અપ-ડાઉનનાં ચહેરા... ઘણીવાર થાય કે આ એકની એક બસ છે, જે રોજ રિપીટ થયા કરે છે... આપણે સમયચક્રમાં ક્યાંક ફસાઇ તો નથી ગયા ને પેલાં ગ્રાન્ડ - ફાધર પેરાડોક્સમાં જ્યાં એક જ ઘટના રિપીટ થયા કરે છે.

કંઇ નહીં પણ બસ આગળ વધે છે, અને લોકો પણ પોતાની ઇચ્છાઓની, ચિંતાઓની, પ્લાનિંગની, સપનાઓની, તારીખોની, પેમેન્ટની, રજીસ્ટ્રરમાં એન્ટ્રી કરવાની, નાની નાની દુનિયાઓ લઇને આગળ વધે છે... બસ સાબરમતી પાસે પહોંચે છે, અને અચાનક જામી ગયેલા બરફ પીગળતો હોય એમ પોઝ થઇ ગયેલાં બસનાં લોકો પ્લે મોડમાં આવી જાય છે... ટ્રાફિક જોઇને ઊંચા નીચા થઇ જાય છે. દેશને ગાળો આપે છે... મેનેજમેન્ટમાં લેકચર બાજુવાળા કાકાને સંભળાવે છે... પાસે ઊભેલી છોકરીની નાનકડી રિસ્ટ વોચમાં ટાઇમ જોઇ લે છે... જીન્સનાં કે પેન્ટનાં કે શર્ટનાં ખિસ્સામાંથી મોબાઇલ કાઢી ત્રણ વાર ફોન કરીને કહી દે છે, "ટ્રાફિક છે! મોડું થશે!" ...પણ બસ સ્થિતપ્રજ્ઞ!!

દિલ તો હે દિલની જેમ બસ તો હે બસ... એવું ગીત ગાવાનું મન થઇ જાય અને આ બસ છે જેની સામે બધા બેબસ છે... ગમે તેમ એ બસ "પહોંચાડી" તો દે છે... પણ ખરી મજા "ડાઉન ટ્રીમ" માં અર્થાત્ પાછા ફરતી વખતે આવે જ્યારે એક શહેરનો થાક, ગુસ્સો, ભૂખ, ચીડ બધું એક બસની અંદર સમાઇ જાય...

વિભિન્ન પ્રકારનાં લોકો એમાં ચડે અને પાછું બધુ રિપીટ થતું હોય એવું લાગ્યા કરે!

દિવસે જે સડકો પરથી બસ ગુજરી હોય રાત્રે એક જ સડકોની રોનક બદલાઇ જાય છે... બસની બારીઓમાંથી લાઇટોની, અવાજોની, ગંધની દુનિયા સાથે સાથે ચાલે છે... દિવસનાં અજવાળામાં જે નહોતું દેખાતું, રાતનાં અંધારામાં એ જ સૌથી વધુ સ્પષ્ટ દેખાય છે, કેમ કે સૌથી વધુ ચમક પણ એની જ હોય છે... બે અલગ અલગ દુનિયાઓ સાથે જીવે છે... મોંઘીદાટ મીઠાઇની દુકાનનો જાડો શેઠ ને તેની જ દુકાન આગભ ભીખ માંગતો સૂકલકડી ભિખારી...

ઇન્કમટેક્સનાં મોટા એલ.ઇ.ડી (LED) બોર્ડને પાસે જ મોટા - મોટા ફુગ્ગા વેચી નાની નાની ઇચ્છાઓ પુરી કરતો ફુગ્ગાવાળો... ટ્રાફિક સિગ્નલ પર છેલ્લી ચાર મિનિટનાં ટ્રાફિકથી અકળાઇને પોતાની સેડાન કારમાં બેઠાં બેઠાં જ આઇફોન પર "ઓ ગોડ... વોટ અ ટ્રાફિક! ઇન્ડિયા ઇઝ હોરીબલ" જેવા ફેસબુક પર સ્ટેટસ અપડેટ કરતો રાત્રે પણ ગોગલ્સ પહેરતી છોકરી અને ટ્રાફિક જ જેની ચાર પૈસાની મજબૂરીનું કારણ છે તે ગાડી સાફ કરતો સવારનો ભૂખ્યો છોકરો... જેનું "સ્ટેટસ" કદાપિ 'અપડેટ' થવાનું જ નથી... વિરોધિતાઓ... વિરોધાભાસો... અમદાવાદ... ગાંધીનગર... અને બસ સ્થિતપ્રજ્ઞ!!

ભારતીયોને ગમે ત્યાં આનંદ આવી શકે છે... બસની પણ એક મજા છે... કેટલાંય લોકોને બસની ભીડનો, ધક્કામુક્કીનો, પરસેવાનો એક રોમાંચ હોય છે... વાળની વચ્ચે ટાલ વાળા કાકાઓ, ટાલની વચ્ચે વચ્ચે વાળ વાળા કાકાઓ, ગુજરાતીમાં ઇંગ્લિશ બોલતી છોકરીઓ, દિવસભરનો ગુસ્સો "એંગ્રી બર્ડ" પર કાઢતાં 'ઓફિસ' નાં નોકરિયાતો, ઇયર પ્લગ ભરાવીને વધુ ભુલી જતાં છોકરાઓ, ભીડની ભયંકરતા અને મર્યાદાઓને સાચવીને ચૂપચાપ કઠીન આસનોમાં ઊભેલાં મુસાફરો, આંખોમાં ઊંઘ ભરીને સ્ટેન્ડની રાહમાં જાગતા લોકો... સાંજની બસમાં પાછા ફરતાં લોકો... આવતીકાલે ફરી આવવા માટે આજે ઘરે જતાં લોકો...

...અને બસ સ્થિતપ્રજ્ઞ!!

- ch9723367947@yahoo.com

## આજના દિવસનો મહિમા

**- ભાનુપ્રસાદ એસ. દવે**


### ૨૮મી જાન્યુઆરી



- રસાયણશાસ્ત્રમાં પદાર્થની સંરચનાની નવી જ વ્યાખ્યા આપનારા રેશમના કીડામાં ફેલાતા રોગની શોધ કરી રેશન ઉદ્યોગને બચાવનારા, હડકવાની રસીના શોધક ડો. લુઇપાશ્ચરની પુણ્યતિથિ ૨૮-૯-૧૮૯૫.
- ચાર્લ્સ બ્રેડલ - હિંદુસ્તાન પ્રત્યે કુણી લાગણી ધરાવનારા અંગ્રેજ વિચારક ૧૯૩૩માં જન્મ.



- ૧૯૨૯ - સુપ્રસિધ્ધ ગાયિકા લતા મંગેશકરનો જન્મ.



- ૧૯૨૦ - પ્રસિધ્ધ કવિ ઉસનશ્‌નો જન્મ.
- ખ્યાતનામ ફ્રેન્ચ નવલકથાકાર લેખક વિવેચક એલિન ઝોલાનું અવસાન - ૧૯૦૨.

# રાણી લક્ષ્મીબાઇની સમાધિ કયાં આવેલી છે?

### વિષય : સ્વતંત્રતા સંગ્રામનો ઇતિહાસ

(૧) રાષ્ટ્રીય ધ્વજ ફરકાવનાર પ્રથમ ભારતીય કોણ હતા?
(અ) સરદાર પટેલ (બ) એની બેસન્ટ
(ક) મહાત્મા ગાંધી (ડ) માદામ ભીખાઇજી કામા
(૨) મંગલ પાન્ડેને ફાંસી કયારે આપવામાં આવી હતી?
(અ) ૧૫ મે, ૧૮૫૭ (બ) ૨૨ જૂન, ૧૮૫૭
(ક) ૮ એપ્રિલ, ૧૮૫૭ (ડ) ૧૮ એપ્રિલ, ૧૮૫૭
(૩) 'અભિનવ ભારત' નામે ક્રાંતિકારી સંસ્થા કોણે સ્થાપી હતી?
(અ) શ્યામજી કૃષ્ણવર્મા (બ) વીર સાવરકર
(ક) સરદારસિંહ રાણા (ડ) માદામ ભીખાઇજી કામા
(૪) લાહોરના સહાયક પોલીસ અધિક્ષક સાંજર્સની હત્ય કોણે કરી હતી?
(અ) મદનલાલ ઢીંગરા (બ) ઉધમસિંહ (ક) ભગતસિંહ (ડ) સુખદેવ
(૫) આઝાદ હિન્દ ફૌજની રચના કયાં કરવામાં આવી હતી?
(અ) ટોકિયો (બ) રંગૂન
(ક) કલકત્તા (ડ) સિંગાપુર
(૬) ભારત છોડો - ૧૯૪૨ નો પ્રસ્તાવ કોંગ્રેસે કયાં પસાર કર્યો હતો?
(અ) મુંબઇ (બ) સુરત (ક) અલ્હાબાદ (ડ) લખનૌ
(૭) કાકોરી ટ્રેન કાંડનાં ક્રાંતિકારીઓનું નેતૃત્ત્વ કોણે કર્યું હતું?
(અ) ખુરીદામ બોઝ (બ) પં. રામપ્રસાદ બિસ્મિલ
(ક) બાલકૃષ્ણ ચાફેકર (ડ) ભગવતી ચરણ વહોરા
(૮) રાણી લક્ષ્મીબાઇની સમાધિ કયાં આવેલી છે?
(અ) ઝાંસી (બ) લખનૌ (ક) ગ્વાલિયર (ડ) ઉજ્જૈન
(૯) 'સત્ય શોધક સમાજ'ની સ્થાપના કોણે કરી હતી?
(અ) જયોતિબા ફૂલે (બ) મહાદેવ ગોવિંદ રાનડે
(ક) ભીમરાવ આંબેડકર (ડ) બાળ ગંગાધર તિલક
(૧૦) ભારતમાં સ્ત્રીઓને મતાધિકાર કયારે આપવામાં આવ્યો હતો?
(અ) ઈ. સ. ૧૯૩૨ (બ) ઈ. સ. ૧૯૩૪
(ક) ઈ. સ. ૧૯૨૬ (ડ) ઈ. સ. ૧૯૩૦
(૧૧) રાવી નદીના કિનારે બોમ્બનું પરીક્ષણ કરતાં કયા મહાન ક્રાંતિકારી શહીદ થયા હતા?
(અ) બટુકેશ્વર દત્ત (બ) ભગવતી ચરણ વહોરા
(ક) રોશન સિંહ (ડ) રાજેન્દ્રનાથ લાહિડી
(૧૨) અંગ્રેજ પોલીસના તમામ પ્રયાસો છતાં કયાં ક્રાંતિકારી નેતા પકડાયા ન હતા?
(અ) રાસ બિહારી બોઝ (બ) પં. રામપ્રસાદ બિસ્મલ
(ક) બટુકેશ્વર દત્ત (ડ) ચંદ્રશેખર આઝાદ
(૧૩) સૌરાષ્ટ્રમાં આરઝી હકૂમતનું સ્થળ કયું હતું?
(અ) જામગનર (બ) રાજકોટ
(ક) સુરેન્દ્રનગર (ડ) પોરબંદર
(૧૪) ચાફેકર બંધુઓ તરીકે કોણ ઓળકાય છે?
(અ) દત્રાત્રેય અને બાલકૃષ્ણ (બ) દામોદર અને બાલકૃષ્ણ
(ક) બાલકૃષ્ણ અને વાસુદેવ (ડ) ગોવિંદ અને દત્તાત્રેય
(૧૫) ગાંધીજીને સૌ પ્રથમ મહાત્મા કહેનાર કોણ હતા?
(અ) જવાહરલાલ નહેરૂ (બ) વિનોબા ભાવે
(ક) રવીન્દ્રનાથ ટાગોર (ડ) સરોજીની નાયડુ




### ● વિવિધા ●

**વિષય :- વિશિષ્ટ પ્રતિભાઓ**
**નામ, ક્ષેત્ર અને વિશિષ્ટ નોંધ**

- નયના ઝવેરી **(નૃત્ય) : મણીપુરી નૃત્ય નિષ્ણાત**
- નરસિંહ મહેતા **(સાહિત્ય) : ગુજરાતી ભાષાના આદિકવિ**
- નરસિંહ રાવ દિવેટીયા **(સાહિત્ય) : સાક્ષર, કવિ**
- નરહરી દ્વારકાદાસ પરીખ **(દેશસેવા) : ગાંધીવાદી વિચારક અને લેખક**
- નર્મદ **(સાહિત્ય) : અર્વાચીન સાહિત્યના આદ્યપ્રવર્તક**
- નંદકુંવરબા : **(શાસન) : સાહિત્ય રસિક મહારાણી**
- નંદિની પંડ્યા **(પર્વતારોહણ) : કૈલાસ પર્વત અને યાત્રી શિખરના આરોહક**
- નાથુભાઇ પહાડે **(રમતગમત) : કુશળ તરણવીર**
- નાથુભાઇ કાળીદાસ મહેતા **(ઉદ્યોગ) : સાહસિક ઉદ્યોગપતિ**
- નાનાભાઇ ભટ્ટ **(શિક્ષણ) : ગ્રામ વિદ્યાપીઠના પ્રણેતા**
- નાની પાલખીવાળા **(કાયદો અને ન્યાય) : સમર્થ ન્યાયવિદ**
- નાનુભાઇ અમીન **(ઉદ્યોગ) : ઉદ્યોગપતિ**
- નારાયણ મોરેશ્વર ખરે **(સંગીત) : ગાંધીવાદી સંગીત શાસ્ત્રી**
- નિરૂપા રોય **(ચલચિત્ર) : અગ્રણી ચરિત્ર અભિનેત્રી**
- ન્હાનાલાલ **(સાહિત્ય) : ગુજરાતના કવિવર**

### ● ગયા સપ્તાહનો સવાલ...?

સવાલ - પ્રિયંકા ગાંધીના પતિનું નામ શું છે?
જવાબ - 'રૉબર્ટ વાઢેર'

### ● સાચો જવાબ આપનાર પત્રમિત્રો :-

(૧) ઋજિત રાવલ : ૧૨૨૨/૨, સે-૭ડી
(૨) નટુભાઇ દરજી : પેથાપુર
(૩) મહેશ એમ. જાદવ : સાદર
(૪) હાર્દિક. આર. મકવાણા : સે-૨૪

### ● પૂછું એક સવાલ...?

(૧) ધ્રુવ એમ. પટેલ : સે-૨૬થી
પ્રશ્ન - વૉટર લૂ સ્થળ શા માટે જાણીતું છે?
જવાબ - બેલ્જિયમમાં આવેલ નૅપોલિયન સામેના યુધ્ધનું સ્થળ
(૨) પરમાર વૈભવી એચ : સે-૧૭થી
પ્રશ્ન - સ્કૉટલેન્ડ યાર્ડ શું છે?
જવાબ - ઈંગ્લેન્ડની છૂપી પોલીસનો વિસ્તાર
(૩) કેતુલ બી. વ્યાસ : સે-૨૦થી
પ્રશ્ન - સૌથી લાંબી નદી કઇ છે? કેટલા કિ.મી
જવાબ - નાઈલ જે ઈથોપીયા, સુદાન અને ઈજિપ્તમાંથી પસાર થાય છે જેની લંબાઇ - ૬૬૯૦ કિ.મી. છે.

(અનુસંધાન પાના નં. ૬ પર)

### પોતાની ભાષા - પ્યારી ભાષા

એક હતો હાથી. નામ એનું બોઝો.

એ જંગલમાં રહેતો ન હતો. એ હતો સર્કસનો હાથી. એટલે આ શહેરથી પેલા શહેરમાં સર્કસ સાથે ફરતો રહે.

એની સાથે બીજા ઘણાં બધાં પ્રાણીઓ પક્ષીઓ હોય. સૌ પિંજરામાં રહે. અને સર્કસનો માસ્ટર કહે તેમ ખેલ કરી બતાવે.

સૌ જાનવરોમાં બોઝોના ખેલ બાળકોને ગમે! બોઝો સીધો ચાલે! બોઝો ઊંધો ચાલે, નાચે, ફૂટબૉલ પણ રમે!

સર્કસ આખા ભારતમાં ફરે. એક પરદેશી એ આ ખેલ જોયા એટલે એણે બોઝોને ખરીદ લીધો - પોતાના સર્કલ માટે.

બોઝો હવે પરદેશી સર્કલ સાથે ઈંગ્લેન્ડ આવ્યો. પરદેશમાં પણ લોકો બોઝોના ખેલ જોઈ ખુશ થતા.

પણ નવા દેશમાં બોઝો બેચેન થવા માંડ્યો. ખેલમાં ભૂલ થવા




- રેખા ભટ્ટ અને પૂજા ભટ્ટ

લાગી. ખોરાક ઘટવા લાગ્યો. એકવાર માસ્ટરે ચાબુક ફટાકરી તો બોઝોએ એને સૂંઢથી પકડીને દૂર ફેંકી દીધો.

ધીમે ધીમે બોઝોનાં તોફાન વધવા માંડ્યા. ખુરશી ભાંગે, પીપ ઢોળે, સૌને મારવા ધસી જાય. ડૉકટરોએ તપાસીને કહ્યું, ''આ હાથી ગાંડો થઈ ગયો છે. કોઈને મારી પણ નાંખે.''


એટલે સર્કસવાળાઓને થયું. 'એના કરતાં આપણે જ એને મારી નાખીએ.' એટલે શહેરની વચ્ચે મેદાનમાં સાંકળથી બાંધીને લઈ ગયા અને ત્યાં ગોળી મારી ઠાર કરવાનું નક્કી કર્યું. મેદાનની આસપાસ લોકોનું મોટું ટોળું એકઠું થઈ ગયું. બોઝો છૂટવા માટે ચીસો પાડતો હતો. પણ મેદાન ફરતે બાર બંદૂકધારી ગોઠવાઈ ગયા હતા.

એ વખતો એક અંગ્રેજ આગળ આવ્યો અને સર્કસના માલિકને કહે, 'પ્લીઝ, બોઝોને મારશો નહં, મને એની સાથે વાત કરવા દો. મને સાંભળીને એ શાંત થઈ જશે.'

સરકસના માલિકે સંપત્તિ આપી એટલે પેલા અંગ્રેજે નજીક જઈને હાથી સાથે હિન્દી ભાષામાં વાત કરવા માંડી - ''બોઝો, કૈસે હો? મજેં મેં તો હો? ગભરાઓ મત! મેં તુમ્હારે સાથ હૂં! ડરો મત! તુમ કો કુછ નહીં હોગા. તુમ બહોત અચ્છો હો, સબ તુમ્હારે દોસ્ત હૈ.'' આટલું સાંભળતા વેંત હાથીનું શરીર ધ્રુજવા લાગ્યું. તે ધીમે ધીમે શાંત થતો ગયો. ધીરે રહીને સૂંઢ હલાવવા લાગ્યો. અને પેલા અંગ્રેજને પોતાની પીઠ પર બેસાડવા નીચે નમ્યો. પેલો અંગ્રેજ કહે તેમ હાથી કરવા લાગ્યો. લોકો અચરજથી જોઈ રહ્યાં. અને તાળીઓનો ગડગડાટ થવા માંડ્યો.

પેલા અંગ્રેજો નીચે ઉતરીને કહ્યું, ''લેડીઝ એન્ટ જેન્ટલમેન'' આ હાથી હિન્દુસ્તાનનો છે. એટલે એની ભાષામાં વાત કરી એટલે શાંત થયો છે. ત્યાં એની ભાષામાં સૌ વાત કરતાં હતા, અહીં આપણા દેશની ભાષા એને સમજાતી નહોતી એટલે બેચેન થયો હતો. આ હાથીને પણ એના દેશની ભાષા વ્હાલી છે.'' આ અંગ્રેજને પણ હિન્દુસ્તાન માટે ખૂબ પ્રેમ હતો. તેમનું નામ 'રૂડયાડ કિટલીંગ'.

### નવ અજાયબ આદમી




મારા એક મિત્રે એક વાર કહ્યું કે તમે સાત એકસરખા આદમી ભેગા કરી શકો તો ભારે મોટી સિધ્ધિ મળે છે. આ ચિત્રમાં મેં નવ એકસરખા આદમી રજૂ કર્યા છે. છે ને બધા સરખા? પણ મારા બાળદોસ્તો, આમાં ખરેખર તો હું છેતરાઇ ગયો છું. આમાથી એક આદમી બાકીના આઠ આદમી કરતાં જુદો જ છે. તમે એને શોધી કાઢો. છતાં જવાબ ન જડે તો તમારી મોટી બહેનને પૂછો.

જવાબ : ૭ નંબરનો આદમી જુદો છે.

**બાળ મિત્રો,**

તમે બગીચામાં ઊંડાઊડ કરતાં પતંગિયા જોયાં હશે, તમે પણ એ પતંગિયાંને પકડવા એની પાછળ દોટ અચૂક મુકી હશે.

કેમ કે, પતંગિયું છે જ એવું લોભામણું, રંગીન પાંખો અને કોમળ શરીર. જોતાવેંત અડકી લેવાનું મન થઇ જ જાય. અને પતંગિયું બેઠું હોય તે ફૂલ પણ એના જેવું જ હોય - કોમળ અને રંગબેરંગી.

આપણને તો ઘણીવાર વિચાર આવે કે કોની સુંદરતા વધારે! પતંગિયાની કે ફૂલોની?

તમે સૌ પણ એમનાં જેવાં જ. ફૂલો જેવાં કોમળ અને મોહક અને પતંગિયા જેવાં સ્ફૂર્તિલાં અને ચંચળ.

એટલે મને તો વળી ત્રણે ય ગમે. પતંગિયા - ફૂલો - અને બાળકો.

રંગબેરંગી ફૂલોથી બગીચો ખીલી ઉઠે. ફૂલો વગરનો બગીચો હોય ખરો? અને એવું જ બાળકોનું - ખિલખિલાડ હસતાં અને નિર્દોષ મસ્તી મજાક કરતાં બાળકોથી ઘરનું આંગણુ ગૂંજી ઉઠે. એટલે બગીચામાં ફૂલો અને આંગણામાં બાળકો - કોને ના ગમે?